# ધનસુરા-બાયડમાં કોરોનાના વધુ ૬ કેસ

ધનસુરા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં કોરોનાના વધુ ૪ કેસો પોઝિટીવ નોંધાયા છે. ધનસુરાના શકિતનગર વિસ્તારમાં-૧ કેસ, લક્ષ્મીપાર્ક સોસાયટીમાં એક કેસ જયારે ધનસુરા તાલુકાના સુકા વાંટડા ગામે કોરોનાનો એક કેસ અને શૈલેષફાર્મ શીકાકંપામાં એક નોંધાયો હતો. જેને લઈને ધનસુરા શહેર તથા શીકાકંપા અને સુકા વાંટડા ગામને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા હતા અને આ ગામના ૫ કિ.મી. વિસ્તારને બફરઝોન જાહેર કરાયો.

ધનસુરાના લક્ષ્મીપાર્ક સોસાયટીમાં રહેતા અજય રણછોડભાઈ નાથાણી ઉંમર-૩૩ વર્ષનો કોરોના પોઝિટીવ આવ્યો હતો જયારે નિકી જયંતિભાઈ રાવળ શક્તિનગર ધનસુરા ઉંમર-૧૪ વર્ષ, પટેલ ગંગાબેન વિઠ્ઠલભાઈ ઠાકરાણી શૈલેશ ફાર્મ ઉંમર ૭૦ વર્ષને કોરોના પોઝિટીવ આવ્યો હતો. આ ઉપરાંત સુકા વાંટડા ગામના મુકેશભાઈ કાળાભાઈ ખાંટ નામના ૨૧ વર્ષિય યુવાન સહિત આ ચાર લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. આ તમામ લોકો બહારથી આવેલા હતા. શક્તિનગર ના નિકીબેન રાવળ મુંબઈથી આવેલ હતા. શૈલેષ ફાર્મના ગંગાબેન મુંબઈથી આવેલ હતા. જ્યારે ધનસુરાની લક્ષ્મીપાર્ક સોસાયટીમાં રહેતા અજયભાઈ નાથાણી અમદાવાદથી આવેલા હતા અને વાંટડાનો મુકેશભાઈ કાળાભાઈ ખાંટ નામનો ૨૧ વર્ષિય યુવાન મધ્યપ્રદેશથી આવેલ હતો. આમ આ ચાર કેસોના તમામ લોકો બહારથી આવેલ હતા. તકેદારીના ભાગરૂપે ધનસુરા તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ ધ્વારા આ તમામ લોકોને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. આરોગ્યતંત્ર ધ્વારા સેનેટાઈઝિંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

તંત્ર ધ્વારા આ વિસ્તારોમાં કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો હતો અને અવર જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. અરવલ્લી જિલ્લાના ધનસુરા શહેર તથા તાલુકાના ૨ ગામના ૫ કિ.મી. વિસ્તારને બફરઝોન જાહેર કરાયો. કન્ટેન્મેન્ટ ઝોનના શીકાકંપા અને સુકા વાંટડા ગામના લોકોની અવરજવર ઉપર ૪ જુન સુધી પ્રતિબંધ તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી ધનસુરા તાલુકાના ધનસુરા શહેર અને શીકા કંપા, સુકા વાંટડા ગામમાં કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિડ-૧૯નો કન્ટેનમેન્ટ એરીયા તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રિનીંગ કરાશે.આ વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ગામના ૫ કિ.મી. વિસ્તારને બફરઝોન જાહેર કરાયો.

## ધાનેરા નગરપાલિકાએ ઓડ ઈવનના અમલની શરૂઆત કરી

ગઈકાલે બજાર માં લોકો ના ટોળેટોળા આવતા મીડિયા એ સંક્રમણ ના ભય વ્યક્ત કરતો અહેવાલ પસારીત કર્યો હતો જેના કારણે ધાનેરા નગરપાલિકા હરકત માં આવ્યું હતું અને ઓડ ઈવન ના નિયમ મુજબ એક બેકી દુકાન ચાલુ રાખવા ના આદેશ કર્યા છે આજે માર્કેટયાર્ડ રોડ પર ૨૦૦ જેટલી એકી સંખ્યા વાળી દુકાનો બંધ કરાવી હતી આજે કડક સૂચના આપી અને કાલ થી અમલ નહિ કરનાર દુકાનદાર સામે દંડકીય પગલાં લેવાની તત્પર દાખવી છે ધાનેરા હાલ કોરોનામુક્ત શહેર છે પણ બહાર થી મોટી સંખ્યા માં લોકો આવ્યા છે જે ક્યાંક ને કયાંક સંક્રમણ નો ખતરો ઉભો કરી શકે છે માટે બજાર માં આવતી ભીડ ને રોકવા આખરે નગરપાલિકા એ કડક કાર્યવાહી કરવાના સંકેત આપ્યા છે.



## ડીસા તાલુકામા તીડ દેખાતા ખેડૂતોમા ખૌફ

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર બાદ દિયોદર અને જુનાડીસા પણ તીડ જોવા મળતા ખેડૂતોમા ફફડાટ જોવા મળી રહ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં કોરોનાના કહેર વચ્ચે ડીસા માં ખેતીપાકોના દુશ્મન સમા તીડઘૂસણખોરીથી ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો ચિંતાતુર બની ગયા છે જુનાડીસા ની વિ ડી મા તિડ દેખાય ખેડૂતો ચિંતિત બન્યા છે અને ખેડૂતોને લાખોનું નુકસાન વેઠવાનો વારો આવે તેવુ લાગી રહ્યું છે તિડ આક્રમણને રોકવા માટે વિસ્તરણ અધિકારી તેમજ જુનાડીસા ગ્રામ પંચાયતના સરપંચ તલાટી સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી અને કર્યો દવાનો છંટકાવ શરૂ કર્યો હતો.

## ધાનેરામાં ૫૭ દિવસ કરતા વધુ સમય બાદ બસ સ્ટેશનમાં બસ આવી

આજથી સમગ્ર ગુજરાત માં બસ સેવાનો આરંભ થયો છે જો બનાસકાંઠા જિલ્લા ની વાત કરવામાં આવે તો સવારે ૮ થી સાંજે ૬ વાગ્યા સુધી બસ ચલવાવમાં આવશે ૬૫ જેટલી એસ ટી બસો જિલ્લા માં ૪૨૪ જેટલી ટીપ કરશે તાલુકા થી તાલુકા મથક સુધી બસો ચલાવવામાં આવશે માત્ર ઈ ટીકીટ બુક કરાવેલ મુસાફરો આનો લાભ લઈ શકશે. દરેક બસ ડેપો પર માસ્ક સેનેટાઈઝર થર્મલગન થી સ્કેનિગ કરવામાં આવશે જો વાત રૂટ ની કરવામાં આવે તો અંબાજી ૩૫ ડીસા ૪૯ દિયોદર ૯૮ પાલનપુર ૧૪૨ અને થરાદ ડેપો ૧૦૪ રૂટ કરશે જે બાબતે ૬૫ જેટલી બસો ફાળવવા માં આવી છે અને દરેક જગ્યાએ સોસીયલ ડિસ્ટન પર ભાર મૂકવામાં આવ્યું છે.

## ફેસબુક પર ખોટુ એકાઉન્ટ બનાવી પૈસા પડાવવાની કોશિષ કરતા ચાર સામે ફરીયાદ

સોશિયલ મિડીયા તથા ફેસબુક પર અનેક લોકો ખોટા એકાઉન્ટ બનાવીને અપરીચિત લોકોને શિકાર બનાવી તેમની બદનામી કરી લાખો રૂપિયા પડાવવાના ધંધા વધી રહ્યા છે. ત્યારે ચાર દિવસ અગાઉ અમદાવાદની એક યુવતી તથા અન્ય ત્રણ જણાએ પોતાના ઈરાદા પાર પાડવાના આશયથી પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામના એક યુવાનને ફસાવી બળાત્કારની ફરીયાદ કરવાના બહાને રૂપીયા પાંચ લાખની માંગણી કર્યાની ફરીયાદ મંગળવારે હિંમતનગર બીડીવીઝન પોલીસ મથકમાં નોંધાવા પામી હતી. જેથી હનીટ્રેપના મામલે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે પલ્લાચર ગામના એક ૫૫ વર્ષિય યુવાને નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ત્રણ દિવસ અગાઉ અમદાવાદ, કૃષ્ણનગરની અંકીતાબેન પ્રકાશભાઈ રાણા નામની યુવતીએ ફેસબુક પર સેજલ પટેલના નામનુ એકાઉન્ટ બનાવીને તેના માધ્યમથી કેટલાક લોકોની મિત્રતા કેળવવામાં આવતી હતી. અને કેટલાક દિવસ ફેસબુક પરવાતો કરીને વિશ્વાસ કેળવવામાં આવતો હતો જે અંતર્ગત પલ્લાચર ગામના આ યુવાન પણ સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદ અમદાવાદની આ યુવતીએ યુવાનને બળાત્કારની ફરીયાદમાં ફસાવી દેવાની ધમકી આપી હતી.

હનીટ્રેપના આ બનાવમાં હિંમતનગર તાલુકાના જાંબુડી ગામના રાકેશભાઈ કોદરભાઈ પટેલ, નવા ગામના શૈલેષભાઈ સુરેશભાઈ પટેલ તથા હિંમતનગરની બંસીધર સોસાયટીમાં રહેતા અને વકીલાત કરતા કેતનભાઈ મનોજકુમાર જયસ્વાલની ભુમિકા મહત્વની સાબિત થઈ હતી. આ ચારેય જણાએ પલ્લાચરના યુવાનને ફસાવીને રૂ. ૫ લાખની માગણી કરી હતી. ત્યારબાદ પલ્લાચરના આ યુવાનને આ લોકોએ ત્રણ દિવસ અગાઉ હિંમતનગર બસસ્ટેન્ડ બોલાવીને ધમકી આપી હોવાનું ફરીયાદમાં જણાવાયુ છે.



## કોરોનાના કહેર વચ્ચે અરવલ્લીમાં તીડની દહેશત

રાજ્યમાં કોરોનાનો કહેર અટકવાનું નામ નથી લઈ રહ્યો ત્યારે વધુ એક તીડ નામની આફત આવીને ઉભી છે. અત્યાર સુધી સરહદી વિસ્તારોમાં તીડનો આતંક હતો હવે રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે. અરવલ્લી જીલ્લામાં તીડ ત્રાટકવાની દહેશત વચ્ચે ભિલોડા તાલુકાના બારનોલ ગામે ખેતરોમાં તીડ જેવી પ્રજાતિ તીતીઘોડા દેખાતા ખેડૂતોમાં તીડ ત્રાટક્યા હોવાની બૂમો ઉઠી હતી. જીલ્લા ખેતીવાડી અધિકારીને જાણ કરતાં ખેતીવાડી અધિકારી ટીમ સાથે બારનોલ ગામે દોડી આવ્યા હતા અને ખેતરોની અને રહેણાંક વિસ્તારોની મુલાકાત લઈ તીડ નહિ પણ તીતીઘોડા હોવાનું અને આનાથી પાકને કોઈપણ જાતનું નુકશાન થતું ન હોવાનું જણાવતા ખેડૂતોએ હૈયે હાશકારો અનુભવ્યો હતો.

## પ્રાંતિજ ખાતે આજથી શાકભાજી માર્કેટયાર્ડ ફરીથી ધમધમી ઉઠશે

### માર્કેટયાર્ડ ખોલવાના નિર્ણયથી ખેડૂતો તથા વેપારીઓમાં ખુશી

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ ખાતે આજથી ફરીથી શાકભાજી માર્કેટયાર્ડ પહેલાની જેમ ધમધમી ઉઠશે. માર્કેટ ખુલવાના સમાચાર ખેડૂતો તથા વેપારીઓમાં પ્રસરી જતા ખુશી જોવા મળી હતી.



કોરોના જેવી મહામારીને લઈને જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં એકાએક કેસોનો વધારો થતા નાયબ કલેક્ટર સોનલબા પઢેરીયા દ્વારા તાત્કાલિક ધોરણે વેપારીઓ તથા માર્કેટયાર્ડ ચેરમેન રાજુભાઈ પટેલ તથા માર્કેટયાર્ડના સેક્રેટરી શૈલેષભાઈ પટેલ સાથે મિટીંગ યોજીને શાકભાજી માર્કેટ યાર્ડ અચોક્કસ મુદત માટે બંધ કરવાનો નિર્ણય લીધો હતો. હાલ કેસોમાં ઘટાડો થતા આજે ફરીથી પાછુ શાકભાજી માર્કેટયાર્ડ ખોલવાનો તંત્ર દ્વારા નિર્ણય લેતા વેપારીઓ સહિત ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. તંત્ર દ્વારા દુકાન ઉપર સેનીટાઈઝર ફરજીયાત તથા દુકાન આગળ સોશિયલ ડિસ્ટન્સ તથા વેપારી તથા આવતા ખેડૂતો સહિતના લોકોએ ફરજીયાત માસ્ક પહેરવાની સુચના આપવામાં આવી છે.



## ધનસુરાના ૮૩ જેટલા શ્રમિકોને બિહાર જવા માટે મહેસાણા મોકલાયા

રાજ્યભરમાંથી શ્રમિકોને પોતાના વતનમાં મોકલવાની કામગિરી ચાલી રહી છે. વિવિધ રાજ્યના શ્રમિકોને તંત્ર ધ્વારા તેમના વતન મોકલવાની કામગિરી કરવામાં આવી રહી છે ત્યારે ધનસુરા તાલુકાના ૮૩ જેટલા શ્રમિકોને બિહાર જવા માટે મહેસાણા જવા બસો મોકલવામાં આવી હતી. આ શ્રમિકોને મહેસાણાથી ટ્રેન મારફતે બિહાર મોકલવામાં આવશે. કોરોનાને લઈને આ તમામનું તકેદારીના ભાગરૂપે થર્મલ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. ૮૩ શ્રમિકો વતન જવાથી ખુશ જણાતા હતા. આ અગાઉ પણ ધનસુરાથી ૭૦ જેટલા શ્રમિકોને ઉત્તરપ્રદેશ જવા માટે બે બસો મારફતે પાલનપુર મોકલવામાં આવ્યા હતા. શ્રમિકોને વતન મોકલવાની કામગીરી વખતે ધનસુરા મામલતદાર સી.જી. ઝાલા, સર્કલ ઓફિસર વિક્રમભાઈ દેસાઈ, રેવન્યુ તલાટી પ્રણય પટેલ, મિતુલભાઈ ચૌધરી, સ્મિત પટેલ, પવન પંચાલ હાજર રહ્યા હતા.

### કાંકરેજના ખીમાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં

## ૧૪ સગર્ભા માતાના કોરોના કટોકટીમાં રિપોર્ટ કરાયા

કાંકરેજ, તા. ૨૧

કાંકરેજ તાલુકામાં માનપુર, કાકર, ઈન્દ્રમના, ઉંબરી જેવા ગામોમાં કોરોના પોઝિટિવ કેસ દાખલ થયા છે, ત્યારે કાંકરેજ તાલુકાના ખીમણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં, કાકર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઉંબરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઝાલ મોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રાનેર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિતની કુલ મળીને ૧૪ સગર્ભા માતાના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યા હતા, ત્યારે ગાંધીનગર આરોગ્ય વિભાગની સૂચના મુજબ બનાસકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ કાંકરેજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. બ્રિજેશ વ્યાસ દ્વારા આપવામાં આવેલી સૂચના મુજબ ખીમાના પ્રાથમિક આરોગ્ય અધિકારી ડો. વિરેન્દ્રસિંહ સોઢા, ડોકટર જુહી સોનગરા, ડોકટર હાર્દિક ચોધરી તેમજ હેલ્થ સુપરવાઈઝર રામજીભાઈ ચૌધરી, જુલી ગૌસ્વામીની ટીમ ઉપસ્થિત રહી હતી.

વિશ્વ કોરોના કટોકટીમાં સંકટમોચન તરીકે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કરવામાં આવેલા ૧૪ સગર્ભા માતાઓના આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા હતા ત્યારે પબ્લિક ડિસ્ટન્સ મુજબ સુંદર કામગીરી કરવામાં આવી હતી અને એમને લીધેલ ટેસ્ટ ભણસાલીમાં મોકલી આપવા માટે જણાવ્યું હતું. આમ વિશ્વ કોરોના વાઈરસની મહામારી વચ્ચે આજે આરોગ્ય વિભાગ પોલીસ તંત્ર તેમજ મીડિયા દ્વારા સતત પ્રયત્નશીલ રહીને તેમણે પોતાની નિષ્ઠા સાથે કામગીરી બજાવી રહ્યા છે.

## તલોદના વ્યવસાયકારોને એક લાખની લોન માટે બેંકોના ધરમ ધક્કા...

તલોદ, તા. ૨૧

કોરોના મહામારીને નાથવા દેશભરમાં કરાયેલા લોકડાઉન એક, બે, ત્રણ અને ચાર અમલી બન્યા પછી સાથે સરકારની આ જાહેરાત તેમના માટે પોકળ સાબિત થઈ હતી.

આત્મ નિર્ભર સહાયની રૂ. એક લાખની સહાયની લોન અંગે કોઈજ પ્રકારનો પરિપત્ર કે માર્ગદર્શીકા, સુચનો કે આદેશો અમોને મળેલા ન હોવાથી ફોર્મનું વિતરણ કર્યુ ન હતુ




નાના વ્યવસાયકારોને આર્થિક સહાય મળી રહે તેવા શુભ હેતુથી આત્મ નિર્ભર સહાયની લોન માટે કેન્દ્ર સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. જે સંદર્ભે ગુરૂવારથી સ્થાનિક સહકારી બેંકો અને વિવિધ સંસ્થાઓમાં ફોર્મ મેળવવા તલોદના નાના વ્યવસાયીકોએ રૂબરૂ મુલાકાત કરી હતી પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોઈ પરિપત્ર કે માર્ગદર્શીકા અમોને મળી ન હોવાનું જણાવી બેંકોના સંચાલકોએ હાથ અધ્ધર કરી દિધા હતા. જેથી આ નાના વ્યવસાયકારોમાં નિરાસા લોન માટે ગુજરાત સરકારની કેબિનેટ બેઠકમાં થયેલા ચર્ચા વિચારણા મુજબ ગુરૂવારે ૨૧મીથી સ્થાનિક કો. ઓપરેટિવ બેંકો તથા સંસ્થાઓમાં ફોર્મ મળશે તેવુ મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે એક અખબારી યાદીમાં જણાવ્યુ હતુ. જે અન્વયે તલોદમાં નાના દુકાનદારો, વાળંદો, દરજીકામ કરનારા, પ્લમ્બર, ઈલેક્ટ્રેશીયન, ઘંટીવાળા, શાકભાજીવાળા નાના વેપારીઓ વગેરે વ્યવસાયીકોએ બેંકોમાં લોન માટે ઉમટ્યા હતા પરંતુ બેંક મેનેજર તથા સત્તાવાળાઓ તરફથી આ આત્મ નિર્ભર જેથી સરકાર કરોડોના પેકેજની મસમોટી જાહેરાત અહિં પોકળ સાબિત થઈ હતી.

સ્વનિર્ભર લોન મેળવવા આવેલા વ્યવસાયીકોમાં ભારે નિરાસા સાંપડી હતી તેમજ સરકાર દ્વારા થતી જાહેરાતોનો અમલ ન થતો હોવાનો ગણગણાટ પણ જોવા મળ્યો હતો. લોકડાઉન દરમ્યાન પડી ભાંગેલા લોકો સાથે સરકાર અને બેંકો મજાક કરતી હોય તેવી સ્થિતિનું નિર્માણ થયુ હતુ. સત્વરે આ અંગે યોગ્ય નિર્ણય લઈ જે તે બેંકોને પરિપત્ર તેમજ આદેશ ઝારી કરી સહેલાઈથી અને ઝડપથી લોન મળે તેવી માંગ ઉઠવા પામી હતી.

### ડીસા પાસે સર્જાયલા અકસ્માતમાં મદદ કરવાના બહાને

## દાગીના ભરેલ બેગની ચોરી કરનાર શખ્સ સામે કાર્યવાહી

બનાસકાંઠા જીલ્લાના ડીસા પાલનપુર હાઈવે પર લોકડાઉન દરમ્યાન સર્જાયેલા અકસ્માતમાં ચાર લોકોના મોત થયા હતા.. જ્યારે ત્રણ જણા આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયા હતા.આ ઘટના બાદ એક તરફ અકસ્માતગ્રસતો જીવન મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા હતા તો બીજી તરફ પાલનપુરના સલેમપુરા ગામના એક શખ્સે આ ઈજાગ્રસ્તોને મદદ કરવાના બહાને તેમની બેગની ઉઠાંતરી કરી ગયો હતો.આ ઘટનાને પગલે અકસ્માતનો ભોગ બનનારે ડીસા તાલુકા પોલીસનું ધ્યાન દોરતા પોલીસે ગણતરીના સમયમાં જ ચોરાયેલી દાગીના ભરેલી બેગને રિકવર કરી બેગ ચોરનાર શખ્સ સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માનવતાને શર્મસાર કરે તેવી ઘટના તાજેતરમાં જ લોકડાઉન વચ્ચે ડીસામાં સામે આવી છે.. ડીસામાં એક શખ્સે અકસ્માતગ્રસ્તોના કિંમતી માલસામાનની ચોરી કરી છે. આ ઘટના બનતા ઘટનાસ્થળ પર ઈજાગ્રસ્તો તરફડી રહ્યા હતા અને જીવન મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા હતા.. તે સમયે તેમના ચાર થેલાઓની ચોરી થઈ ગઈ હતી.. આ ચાર થેલા પૈકીના એક થેલામાં અંદાજિત દશ લાખ કરતાં વધુના દાગીના હતા તે થેલાની પણ ચોરી થઈ ગઈ હતી.. આ ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું.. જ્યારે અન્ય ત્રણ લોકોના સારવાર દરમ્યાન મોત નિપજ્યાં હતા.. આટલી દર્દનાક ઘટનામાં અકસ્માતગ્રસ્ત પરિવારો મોત સામે જજૂમી રહ્યા હતા.. તો બીજી તરફ તેમના સામાનથી આ ઈજાગ્રસ્તો બેખબર હતા.. પરંતુ ત્યારબાદ ત્રણ ઈજાગ્રસ્તોની તબિયત સ્થિર થતાં તેમના સામાનની ચોરી થઈ હોવાની તેમણે ખબર પડી હતી.. જેમાં દાગીના ભરેલો થેલો પણ ચોરાઈ ગયો હોવાનું આ પરિવારના લોકોને જણાતા અકસ્માતનો ભોગ બનનાર પરિવારે આ અંગે જાણ કરતા ડીસા તાલુકા પોલીસે પણ આ બાબતે ગંભીર બનીને ઘટનાની ઊંડી તપાસ હાથ ધરી હતી. અને અકસ્માત સમયે મીડિયા કર્મીઓ દ્વારા લેવામાં આવેલી તસવીરોના આધારે એક એક વ્યક્તિની અંગત પૂછપરછ હાથ ધરી હતી.. તે દરમ્યાન બાતમીના આધારે ડીસા તાલુકા પોલીસે આ અંગે ડીસાના આખોલ નજીક આવેલા સી.એન.જી. પંપના સંચાલક અને પાલનપુર તાલુકાનાં સલેમપુરા ગામના પરેશભાઈ લખુભાઈ પટેલની કડક પૂછપરછ કરતાં તેમણે શરૂઆતમાં ઘટનાસ્થળ પરથી ચોરાયેલી ત્રણ બેગો તો પોલીસ સમક્ષ પહેલા જ જમા કરવી દીધી હતી.. પરંતુ ચોથી બેગમાં કિંમતી દાગીના ભરેલા હોવાથી પરેશ પટેલની નિયત ખરાબ થતાં તેને સંતાડી દીધી હતી.. પરંતુ ત્યારબાદ પોલીસ દ્વારા સી.એન.જી.પંપના સંચાલક પરેશ પટેલને પોલીસ મથકે બોલાવીને તેની આકરી પૂછપરછ કરતાં તેને ઘટનાસ્થળ પરથી દાગીના ભરેલી બેગ ઉઠાવી હોવાની કબૂલાત કરી હતી.જેને આધારે પોલીસે પરેશ પટેલ પાસેથી બેગ મેળવી અને તેની સામે ગુન્હો નોંધી તેની અટકાયત કરી છે.

અકસ્માતમાં એક તરફ લોકોના મોત નિપજ્યાં હોય અને ઈજાગ્રસ્તો મોત સામે જજૂમી રહ્યા હોય તેવા સમયે આવું હલકી કક્ષાનું કૃત્ય આચરનાર સામે કડકમાં કડક કાર્યવાહી કરવી જોઈયે અને આવા છેલ્લી કક્ષાના શખ્સ સામે લોકો પણ ફિટકાર વરસાવી રહ્યા છે.. ત્યારે આ ઘટનામાં અકસ્માતગ્રસ્તોના પરિવારજનોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેવા સમયે ડીસા તાલુકા પોલીસ તેમના સ્વજનોને તો પરત લાવી શકે તેમ નથી પરંતુ આ પરિવારના ચોરાયેલા કિંમતી સામાનને પરત અપાવીને ખૂબ જ ઉમદા કામ કર્યું છે.. તો બીજી બાજુ આ પેટ્રોલ પંપના સંચાલક દ્વારા ખૂબ જ નીચ કૃત્ય આચરવામાં આવ્યું છે.